# જ્ઞાનશક્તિ
# વાંચે ગુજરાત અભિયાન

# વેકેશન વાચન ઉત્સવ

આ શૈક્ષણિક વર્ષ પૂરું થવાના આરે છે.ગુજરાત રાજયનું સ્વર્ણિમ વર્ષ હોવાને કારણે જુદા જુદા શ્રેત્રે અભિનવ અભિયાનો હાથ ધરાયા, એ સૌમાં એક અનોખું અભિયાન જેમાં જન સમસ્તની અને ખાસ કરીને રાજયભરની શાળાઓની સામેલગીરી હતી એવા **“વાંચે ગુજરાત”** અભિયાને ખૂબ ચેતના પ્રગટાવી છે.

આ ઉનાળુ વેકેશનમાં બાળકના નવ જાગ્રત શોખને વેગવંતો બનાવતા નીચે પ્રમાણેના આયોજનો વિચાર્યા છે. જે ગુજરાતના તમામ જાહેર ગ્રંથાલયો અમલમાં મૂકે એવી અપેક્ષા છે.

વાંચે ગુજરાત અને જ્ઞાનશક્તિ મહોત્સવ અંતર્ગત ગુજરાતના વિદ્યાર્થીઓ માટે ગુજરાતના દરેક ગ્રંથાલયો વેકેશન દરમ્યાન નીચે જણાવેલ પ્રવૃત્તિઓ કરે એવી વિનંતી છે.

૧. ચાલો વાંચીએ, ચાલો લાઇબ્રેરીમાં અભિયાન
૨. વિચાર-વાચન શિબિરો અને પુસ્તક પ્રદર્શન
૩. વિશ્વકોષ સંગાથે ૫૦ કલાક
૪. વેકેશન દરમ્યાન શાળાના પુસ્તકાલયો ખુલ્લા રાખવાની વ્યવસ્થા કરવી
૫. વિચાર ગોષ્ઠિ (સફળ મહાનુભાવો સાથે સંવાદ)

આ પ્રવૃત્તિઓમાં વધારેને વધારે બાળકો પુસ્તકાલયમાં આવે પુસ્તકાલયના સભ્ય બને અને વધારે ને વધારે પુસ્તકો વાંચે એ માટે પ્રોત્સાહિત કરવાના છે. આ માટે ઇનામો સ્વરૂપે એમને નોટબુકો આપવી. જે એમને અભ્યાસમાં ઉપયોગી થાય અને એ એમ કહી શકે કે આ વર્ષે એઓ એમની કમાઇની નોટબુકો વાપરે છે.

ઇનામોની રકમ માટે દરેક પુસ્તકાલય શહેર / જિલ્લામાંથી કોઇ દાતાનું / સંસ્થાનું સૌજન્ય મેળવે એવી અપેક્ષા છે. **સરકાર દ્વારા કોઇ નાણાંકીય મદદ કરવામાં આવશે નહી.**

**વેકેશન વાંચન ઉત્સવ :**

■ **<u>ચાલો વાંચીએ, ચાલો લાઇબ્રેરીમાં અભિયાન :</u>**

આ યોજના અંતર્ગત વધુને વધુ બાળકો પુસ્તકાલયમાં આવે અને વાંચે એ માટે પ્રોત્સાહિત કરવા. એ માટે પૂરતો પ્રચાર કરવો. શાળા અને વાલીનો સહયોગ મેળવવો. પુસ્તકાલયમાંથી પુસ્તકો વાંચવા લઇ જનાર બાળકો વધુને વધુ વાંચે એ માટે એમને ઇનામો આપી પ્રોત્સાહિત કરવા. શક્ય હોય તો જુદા જુદા વિસ્તારમાંથી બાળકોને પુસ્તકાલયમાં લાવી શકાય એવી વ્યવસ્થા કરવી.

**એમને નીચે પ્રમાણે પ્રોત્સાહિત કરી શકાય; ઇનામો આપી શકાય.**

- વેકેશન દરમિયાન (૨૪/૦૪/૨૦૧૧ થી ૧૦/૦૬/૨૦૧૧) ચાલનારી આ પ્રવૃત્તિમાં ભાગ લેનાર વિદ્યાર્થીને પુસ્તકાલયનું નિઃશુલ્ક સભ્યપદ આપવું.

- વંચાયેલા પુસ્તકો દીઠ ઇનામો આપવા. પુસ્તક વાંચ્યુ છે કે નહીં તેની ખાતરી માટે એક પાનામાં પુસ્તકનો લેખિત વિચારસાર માંગવો.

- પુસ્તકો વાંચી દરેક પુસ્તક વિષે ૩૦ લીટીમાં લખાયેલ, વાલી અથવા શિક્ષક દ્વારા પ્રમાણિત અને લાઇબ્રેરી દ્વારા માન્ય વિચાર સાર આપનાર દરેક વિદ્યાર્થીને **બે ફુલસ્કેપ નોટબુકો પુરસ્કાર રુપે** આપવી. દર **પાંચ પુસ્તક વાંચી** વિચાર સાર આપનારને એક નોટબુક પુરસ્કાર તરીકે આપવી. એક વિદ્યાર્થીને વધુમાં વધુ ---- નોટબુકો પુરસ્કાર આપવાની મર્યાદા પણ રાખી શકાય (દરેક ગ્રંથાલય પોતાની આર્થિક માર્યદા પ્રમાણે આમાં ફેરફાર કરી શકશે).

- શિક્ષક દ્વારા પ્રમાણિત અને લાઇબ્રેરી દ્વારા માન્ય પુસ્તક વિચાર સાર "**bookilike.com**" વેબસાઇટ પર મુકનાર વિદ્યાર્થીને વિશેષ પુરસ્કાર પણ આપી શકાય. વિદ્યાર્થી પોતાના ઘરેથી અથવા લાઇબ્રેરીમાં આવી કોમ્પ્યુટર, ઇન્ટરનેટનો ઉપયોગ કરી શકે.

■ **<u>વિચાર વાચન શિબિરો</u>**

પ્રાથમિક અને માધ્યમિક વિભાગો માટે અલગ-અલગ એક દિવસીય વિચાર-વાચન શિબિરો કરવી.

- વિચાર વાચન શિબિરની માર્ગદર્શિકા વાંચે ગુજરાતની વેબસાઇટ પર ઉપલબ્ધ છે. જેમાં શ્રેષ્ઠ વાચક સ્પર્ધા સિવાયની બધી બાબતો કરાવવી.

- વાચન અને વિચારની અગત્યતા સમજાવવી.
- વિદ્યાર્થીઓ માટે પુસ્તક પ્રદર્શન
- વિદ્યાર્થીઓને વિવિધ વિષયો જેવાકે વિચાર કરવાની પ્રક્રિયા; લક્ષ્ય અંગે જાગૃતિ; અર્ધજાગ્રત મનની શકિત, યાદશકિતની તરકીબો; સમય વ્યવસ્થાપન વગેરે ઉપયોગી બાબતો પર તજજ્ઞો દ્વારા માર્ગદર્શન.
- પુસ્તકો વિષે વાતો.

**શિબિરનો સમય** : સવારે ૯:૦૦ થી ૧૨:૦૦
**શિબિરોની તારીખ :** પ્રાથમિક વિભાગ માટે તા. ---/૦૪/૨૦૧૧
માધ્યમિક વિભાગ માટે તા. ---/૦૪/૨૦૧૧

**લાઇબ્રેરી પરિચય અને મુલાકાત :**

શહેરના કોઇ એક વિસ્તારમાંથી ૨૫ કે તેથી વધુ બાળકો જો લાઇબ્રેરીમાં આવવા માંગતા હશે તો એવા બાળકોને લાવવા લઇ જવાની વ્યવસ્થા કરવી અને એ રીતે વધુને વધુ બાળકોને લાઇબ્રેરીમાં લાવવાનો પ્રયોગ કરવો.

**વિચાર ગોષ્ઠિ :**

રાજ્ય કક્ષાની જીવન ઘડતર શિબિરમાં યોજાયેલ ''વિચાર ગોષ્ઠિ'' સફળ મહાનુભાવો સાથે સંવાદ અને પ્રશ્નોત્તરી જેવા કાર્યક્રમો પણ રાખી શકાય. આમાં શ્રેષ્ઠ વાચક સ્પર્ધામાં તાલુકા કક્ષાએ વિજેતા બનેલા વિદ્યાર્થીઓને સામેલ કરી શકાય. અન્યોને પણ બોલાવી શકાય.

**■ વિશ્વકોશ સંગાથે ૫૦ કલાક પુસ્તકાલયમાં આ વેકેશનનો વિશિષ્ટ વાચન પ્રયોગ :**

ક. વિદ્યાર્થીઓમાં અભ્યાસ અને સંશોધનની વૃત્તિ ખીલે; તેઓ ચીવટાઇપૂર્વક, ધીરજ અને ધ્યાનથી વાંચવાની ટેવ કેળવે, ઉચ્ચ અભ્યાસમાં અને જીવનમાં ખુબ ઉપયોગી થઇ પડે તેવું જ્ઞાન સર્જિત કરવા માટે વિશ્વકોષ અને અન્ય જ્ઞાનકોપોના અભ્યાસ તરફ વળે તે હેતુથી **''વિશ્વકોષ સંગાથે-૫૦ કલાક લાઇબ્રેરીમાં''** એવો એક નવો જ પ્રકલ્પ હાથ ધરવો.

ખ. વેકેશન દરમિયાન ૨૫ એપ્રિલ ૨૦૧૦ થી ૨૫ જુન ૨૦૧૦ બે મહિનાના સમયગાળામાં ઓછામાં ઓછા ૫૦ કલાક વિશ્વકોષ (અન્ય જ્ઞાનકોષો)નો અભ્યાસ પ્રત્યેક બેઠક દોઢ કલાકથી ઓછી નહિ એ રીતે લાઇબ્રેરીમાં જ બેસી અભ્યાસ કરવાનો રહેશે.

ગ. ઓછામાં ઓછા “૨૦” દિવસ લાઇબ્રેરીમાં આવવું ફરજિયાત છે.

ઘ. પ્રત્યેક દિવસે બેઠકના અંતે અભ્યાસ કરેલા વિષયોની વિગતે નોંધ લખી (ફૂલસ્કેપ એક પેઇજ) એક નકલ લાઇબ્રેરીમાં આપવાની રહેશે, એક નકલ દરરોજ વાલી સહી કરશે. જેથી વાલી સાથે આ સંદર્ભે દરરોજ એક સુંદર માહિતિપ્રદ, પ્રોત્સાહક સંવાદ થાય.

ચ. **આ પ્રોજેક્ટમાં વિદ્યાર્થી બે રીતે ભાગ લઇ શકશે.**

છ. **પ્રથમ વિકલ્પમાં** વિદ્યાર્થી કોઇપણ વિષય પર રોજ એક પાનું લખી શકશે. આમ એ જુદા જુદા પોતાને ગમતાં વિષયો પર અભ્યાસ, વાંચન અને લેખન કરી શકશે.

જ. **બીજા વિકલ્પમાં** વિદ્યાર્થીઓ લાઇબ્રેરી દ્વારા સૂચવવામાં આવેલા વિષયો પૈકી કોઇપણ એક વિષય પર સતત ૫૦ કલાક કાર્ય કરી, અભ્યાસ કરી, વાચન અને લેખન કરવાનું રહેશે.

ઝ. વિશ્વકોષો, વિજ્ઞાનકોષો એન્સાઇકલોપિડીયા, ભગવતગોમંડલ અને અન્ય ગ્રંથોના અભ્યાસ કરી ૫૦ પાનાનો સંશોધન અભ્યાસ લેખ લખવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા.

ટ. ૫૦ વિદ્યાર્થીઓ દ્વારા, પસંદગીના વિષય પર ૫૦ કલાકના અભ્યાસ બાદ તૈયાર કરેલ અભ્યાસ લેખોનું પુસ્તક પ્રગટ કરી શકાય.

ઠ. આ પ્રવૃત્તિમાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને --- નોટબુકોનો સેટ અને અન્ય પુરસ્કાર પણ આપવા.

પુસ્તકાલયની સુવિધાઓ. સગવડો અને બીજી અનેક મર્યાદાઓને કારણે ખુબ મર્યાદિત સંખ્યામાં વિદ્યાર્થીઓ આ પ્રકલ્પમાં જોડાઇ શકશે; જેથી પ્રવેશની પધ્ધતિ નક્કી કરવી (વિશ્વકોષ પ્રોજેક્ટ માટે).

**આ વેકેશનમાં વાચન ઉત્સવમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ માટે ખાસ જીવન ઘડતર શિબિર યોજવી અને “જીવન ઘડતર” શિબિરમાં વિશ્વકોષ પ્રકલ્પમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રથમ પસંદગી આપવી.**

**<u>વિશેષ ઇનામો :</u>**

જે વિદ્યાર્થીઓ વિચાર સાર "bookilike.com"વેબસાઇટ પર મૂકશે એને વધારાના ઇનામો પણ આપી શકાય. દર દસ વિચાર સાર દીઠ એક નાની પુસ્તિકા પુરસ્કાર સ્વરૂપે આપી શકાય (ફરજિયાત નથી).

બાળકોના સર્વાંગી વિકાસ માટે અભ્યાસક્રમના પુસ્તકો સિવાય ઈતર વાચન અને અન્ય પ્રવૃત્તિઓ પણ એટલી જ જરુરી છે. . . આ વેકેશનનો બાળકના શારિરીક અને માનસિક વિકાસ માટે તેમજ ઉત્તમ ચારિત્ર્ય ઘડતર માટે ઉપયોગ થાય એ માટે આપના સહકારની અપેક્ષા ઇચ્છીએ છીએ.

આપની પાસે એક જ અપેક્ષા . . . આપની શાળાના વિદ્યાર્થીઓને / વાલીઓને પુસ્તકાલયની ઉપરોકત પ્રવૃત્તિઓમાં ભાગ લેવા આગ્રહભરી વિનંતિ કરશો. આ પ્રકલ્પમાં જોડાનારાઓનો સ્વવિકાસ તો થશે જ.. પુસ્તકાલય પણ એઓને પ્રોત્સાહિત કરવા અધ્યયન કરનારને પુરસ્કૃત કરશે અને ઉપયોગી પુરસ્કાર આપશે એવી અપેક્ષા છે.